ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૪-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદીમય વારાણસી અને વિક્રમજનક મતદાન

ભગવાન સદાશિવની નગરી કાશી એ ભારતની આધ્યાત્મિક રાજધાની છે. પૂર્વાંચલના આ પાટનગરમાંથી ચૂંટણી લડવાનો નરેન્દ્ર મોદીનો નિર્ણય વ્યૂહાત્મક છે. વારાણસીને મોક્ષનગરીનું બિરૂદ પ્રાપ્ત થયેલ છે. નરેન્દ્ર મોદી માટે જીવનની અંતિમ ઈચ્છા આ દેશનાં વડાપ્રધાન બનવાની છે અને એ પુરી કરવા માટે એમણે તમામ તાકાત કામે લગાડી દીધી છે. પડકારો ઝીલવા અને પ્રતિકૂળતાને અનુકૂળતામાં પલટવી એ મોદી માટે ડાબા હાથનો ખેલ બની ગયેલ છે. પોતાની બરાબરી કરનારાં નેતાઓને બાજુએ હડસેલી દઈ એમના જમણા હાથ ગણાતા અમિત શાહ દ્વારા સૂચવાયેલ વ્યૂહરચના મુજબ મોદીએ ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશમાંથી ચૂંટણી લડવાનું સ્વીકારી લીધું છે. શરૂ શરૂમાં મોદી લખનૌ બેઠક પર ચૂંટણી લડવાનું વિચારતા હતા પરંતુ વારાણસી બેઠક પર ચૂંટણી લડવાથી વધુ સારો મેસેજ પહોંચી શકે એમ હતો. બનારસ હિંદુ યુનિવર્સિટીના આદ્યસ્થાપક પં. મદનમોહન માલવીય તથા સરદાર પટેલની પ્રતિમાઓને ફૂલહાર કરી બેશુમાર જન-મહેરામણ સાથે ઉમેદવારી પત્ર ભરવા પહોંચેલા મોટી માટે વડોદરા કરતાં પણ ઘણી મોટી ભીડ એ જરૂર વિજય સૂચક હતી પરંતુ ખાટલે મોટી ખોડ એ રહી ગઈ કે વારાણસીના વર્તમાન સાંસદ ન હતા. મોદીએ જોષી પાસેથી આ બેઠક બળજબરીપૂર્વક ખૂંચવી લીધી હોય એવું લાગતું હોવા છતાં શિવનગરની પ્રજામાં ઉમળકામાં કોઈ કચાશ ન વરતાઈ એ સૂચક છે. મોદી પાસે મેનેજમેન્ટની જે ક્ષમતા છે તે અન્ય કોઈ પણ સમકાલીન નેતા પાસે નથી. તેથી એમનામાં પંડિત નેહરૂનો પ્રભાવ, ઈન્દિરા ગાંધીની કરિશ્મા કે અટલબિહારી વાજપેયીની શાલીનતા નહીં હોવા છતાં તેઓ આખી પાર્ટીમાં ઝંઝાવાતી પ્રચાર ઝુંબેશ ચલાવીને એમણે કોંગ્રેસને ભોંઠી પાડી દીધી છે. વારાણસીમાં એમના વિજયરથને રોકવા માટે 'સેક્યુલર' પાર્ટીઓ એક નથી થઈ શકી અને કોંગ્રેસ એમની સામે કોઈ ઝીંક ઝીલી શકે એવો પ્રતિભાશાળી ઉમેદવાર નથી ઉતારી શકી. એક તબક્કે પ્રિયંકા ગાંધીને વારાણસીમાં ભીડાવવાની વ્યૂહરચના પણ વિચારાઈ હોવાનું કહેવાય છે. પરંતુ સોનિયા ગાંધી એવું જોખમ ખેડી શક્યાં નથી. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ દિલ્હીમાં ચમત્કાર કરી શક્યા હતા પરંતુ વારાણસી એમને માટે કદાચ ચમત્કાર કરી શક્યા હતા પરંતુ વારાણસી એમને માટે કદાચ ઊગતી કારકિર્દીનું 'વૉટરલૂ' સાબિત થાય એવા સંજોગો વરતાઈ રહ્યા છે. કેજરીવાલને પણ સારૂં એવું સમર્થન સાંપડ્યું છે, પરંતુ એમનો એટલો જ વિરોધ પણ થઈ રહ્યો છે. દિલ્હીમાં મુખ્યમંત્રી શીલા દિક્ષીત સામે અનેક કૌભાંડોમાં સંડોવાયાં હોવાનો આરોપ હતો. એમની વિરૂદ્ધ ભારે અસંતોષનો ઊકળતો ચરૂ હતો અને કેજરીવાલની સ્લેટ એકદમ કોરી હતી. દિલ્હીની વિધાનસભાની ચૂંટણી પછી યમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે. ફક્ત ૪૯ દિવસની વિવાદાસ્પદ સરકારનો વીંટો વાળી કેજરીવાલ રાષ્ટ્રીય રાજકારણમાં કૂદી પડ્યા છે પરંતુ વારાણસીમાં મોદી સામે એમનો પનો ઘણો ટૂંકો પડે છે. મોદી પાસે કાર્યકર્તાઓનું જે પ્રચંડ નેટવર્ક છે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોથી લઈ શ્રીશ્રી રવિશંકર અને બાબા રામદેવ સહિત (જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીને બાદ કરતાં) સંત સમાજનો જે વ્યાપક ટેકો છે અને એથીય ઉપર એમનો ખરો કે ખોટો ગુજરાતના વિકાસ મોડેલનો દેશનું સમગ્ર કોર્પોરેટ વિશ્વ એમની પડખે ઊભું છે. પ્રજાએ જે ઉમકળાથી સ્વીકાર કરી લીધો છે, તે જોતાં મોદી સામે હવે તો હાજરાહજૂર કાશી વિશ્વનાથ મેદાનમાં ઊતરે તો પણ તેઓ મુશ્કેલીમાં મુકાઈ જાય એવો માહોલ સરજાયેલો છે. મુરલી મનોહર જોષીને નાક કાપીને અપશુકન કરવાની ચેષ્ઠા જરૂર કરી છે, અને ભારતરત્ન શરણાઈના બેતાજ બાદશાહ બિસ્મિલ્લાખાંના સુપુત્ર જામીનખાંએ એમનાં પ્રસ્તાવક બનવાનો વિનમ્રતાપૂર્વક ઈનકાર કર્યો છે છતાં મોદીએ મદનમોહન માલવીયના પૌત્ર નિવૃત્ત ન્યાયમૂર્તિ ગિરધર માલવીય, શાસ્ત્રીય સંગીતજ્ઞ પં. છન્નુલાલ તથા વારાણસીના વણકર તથા નાવિક સમુદાયના પ્રસ્તાવકો સાથે ઉમેદવારી પત્ર ભર્યું ત્યારે તેઓ ભારે રિલેક્સ મૂડમાં હતા. જયોતિષીઓએ સૂચવેલું શુદ્ધ અભિજિત નક્ષત્રનું મુહૂર્ત પણ ન સાચવી શક્યું, પરંતુ પ્રજાનો પ્રચંડ આવકાર પછી ભલે તે પ્રાયોજિત જ કેમ ન હોય - જોઈને તેઓ સ્વાભાવિક રીતે જ અભિભૂત થઈ ગયા. કેજરીવાલ સહિતના તમામ ઉમેદવારો એમને ટક્કર આપવા એડી-ચોટીનું જોર લગાવી દેશે, પરંતુ લોકોને એ બરાબર ઠસાવી શક્યા છે કે પોતે વડાપ્રધાન બનવા આવ્યા છે, બલકે ગંગાજીએ જ એમને સામેથી તેડાવ્યા છે. એમણે વારાણસીની ગંગા-જમની તહેજિબને આંચ નહીં આવવા દેવાની ખાતરી ઉચ્ચારી છે અને ગરીબ વણકર સમાજ ઉપરાંત ગંદી બની ગયેલી ગંગાના પણ જીર્ણોદ્ધારની ખાતરી આપી છે, મોદી પાસેથી મીઠાંમધ વચનોની પિપરમીટ મેળવી રાજી થયેલા વારાણસી વિસ્તારના મતદારો આગામી ૧૨મી મેના દિવસે વરસી પડશે કે કેમ એ તો ૧૬મી મેના દિવસે ઈવીએમ મશીનો બોલશે ત્યારે ખબર પડશે, પણ વ્યૂહાત્મક રીતે નામાંકનના છેલ્લા દિવસે આવડો મોટો પ્રભાવક દેખાવ યોજી - મતદાનના છઠ્ઠા ચરણના દિવસે જ નામાંકન કરીને મોદી દિવસભર મીડિયામાં છવાયેલા રહ્યા છે અને એકસો સત્તર જેટલી બેઠકોમાં અગાઉની સરખામણીએ ઘણું ઊંચું મતદાન નોંધાવા પામ્યું છે તે પણ સૂચક નથી? કોંગ્રેસે મોડે મોડે મોદીના રોડ શો સામે વાંધો ઉઠાવ્યો. 'અબ પછતાયે હોત કા જબ ચિડિયા ચુગ ગઈ ખેત?'

(કશ્યપ નિમાવત)





સેક્ટર-૩૦ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત સેન્ટર ફોર સ્ટડીઝ ઈન સોશીયલ મેનેજમેન્ટ દ્વારા 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) પર એક સેમીનાર રાખવામાં આવ્યો હતો. હાજર વિદ્યાર્થીઓને કચરાને કઈ રીતે ફરીથી ઉપયોગમાં લેવો તેની સમજ આપવામાં આવી હતી. આ દ્વારા પર્યાવરણ પર થતી ગંભીર અસરોની વાત કરવામાં આવી હતી. એન્વાયરમેન્ટ સાયન્સના ડીન પ્રોફેસર ફુલકર દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

## સાબર ઈન્સ્ટીટયુટ ખાતે મોબાઈલ ટેકનોલોજી વિષય પર બે દિવસીય સેમિનાર યોજાયો






ગાંધીનગર, તા. ૨૪

સાબર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ ખાતે બે દિવસીય નેશનલ સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં ટેકનોલોજી વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નવ લેખકો ઉપસ્થિત રહ્યા હતાં.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર તાજપુર ખાતે આવેલ સાબર ઈન્સ્ટીટયુટમાં બે દિવસીય નેશનલ સેમિનાર યોજવામાં આવ્યો હતો. તા. ૨૪ એપ્રિલના રોજ એએમએ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ કે.આર. ગુરૂરાજારાવ ચેરમેન એન્ડ ડાયરેકટર, ડૉ. નીતા શાહ-ડાયરેકટર ઈ-ગર્વનનન્સના હસ્તે કરવામાં આવ્યો હતો.

સેમિનારમાં વિદ્યાર્થીઓને મોબાઈલ ટેકનોલોજી પર તજજ્ઞો દ્વારા ઉંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે એડવાન્સ ઈન ઓપન સોર્સ મોબાઈલ ટેકનોલોજી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં ૨૫૦ વિદ્યાર્થીઓ, ૫૦ અધ્યાપકો અને ૨૬ નવલેખકો ઉપસ્થિત રહ્યા હતા. અધ્યાપકોએ પોતાના દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપરો રજુ કર્યા હતા. કાર્યક્રમમાં હિરન્મય મહન્તાય, દર્શન પંચાલ, અમિત જોષી, મુકેશ ચૌધરી સહિતના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતાં.

## આણંદ ખાતે જમ્પરોપ સ્પર્ધાનું આયોજન

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત પ્રશિક્ષણ કેન્દ્ર આણંદ દ્વારા તા. ૨૩ એપ્રિલથી તા. ૭ મે સુધી આણંદ ખાતેની એક્સલન્ટ સ્કૂલ ખાતે જમ્પ રોપ રમતનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાનો શુભારંભ સ્કૂલના ડાયરેક્ટર જે.આર. પટેલ, પ્રમુખ દિવ્યેશ ગોહિલ અને ધર્મેશ પરમારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોચ હેમંત પટેલીયા અને આનંદ કાપડિયા હાજર રહ્યા હતા.

## ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજમાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબફેરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલ ભોળાભાઈ પટેલ બી.બી.એ કોલેજમાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા.

રાજ્યમાં શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ ખુબ જ છે. આ બેરોજગારોને રોજગારી આપવામાં સરકાર પણ નિષ્ફળ નિવડી છે. ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સેક્ટર-૨૩ સ્થિત ભોળાભાઈ બીબીએ કોલેજ ખાતે સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જોબફેરમાં કોલેજના ભૂતપુર્વ ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કોટક મહિન્દ્રા અને રેકોર્ડ ફ્લો કંપની દ્વારા પંસદગી કરવામાં આવી હતી. કંપની વિદ્યાર્થીઓને માસિક ૧૩૦૦૦થી ૧૫૦૦૦ના પગાર ચૂકવશે. યુવાનોને બેરોજગારીની સમસ્યા સતાવી રહી છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે જોબ ફેરનું આયોજન એ રણમાં મીઠી વિરડી સમાન થઈ ઉઠ્યું છે. આ પ્રસંગે ડૉ. રમાકાન્ત પુષ્ટી, ડૉ. જયેશ તન્ના અને પ્રો. માર્ગી દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

### એચ.બી. કાપડીયા સ્કુલ ફરી એકવાર વિવાદોમાં

## સ્માર્ટ બોર્ડ સુવિધા વિના ફી ઉઘરાવવામાં આવી રહી છે

### વાલીઓએ સ્કૂલમાં હંગામો મચાવ્યો : શાળાને બદનામ કરવા માટેના પ્રયાસો થઇ રહ્યા છે : આચાર્યની પ્રતિક્રિયા

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ શહેરની જાણીતી એચ.બી. કાપડીયા સ્કુલ ફરી એકવાર વિવાદમાં આવી ગઈ છે. આજે વાલીઓએ ફી નહીં ભરતાં રિઝલ્ટ અટકાવવા તેમજ સ્માર્ટ બોર્ડમાં ન ભણાવવા છતાં પણ ફી લેવામાં આવતી હોવાની ફરીયાદ સાથે વાલીઓએ સ્કુલમાં હંગામો મચાવ્યો હતો. તો બીજી તરફ સ્કુલનાં પ્રિન્સીપાલે આ બાબતને રદીયો આપતાં અમુક તત્વો દ્વારા શાળાને બદનામ કરવા માટે જ વિરોધ થતો હોવાની વાત જણાવી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ શહેરની જાણીતી મેમનગર ખાતેની એચબી કાપડીયા સ્કુલ છેલ્લા કેટલાક સમયથી અનેક વિવાદોમાં આવીને પર્યાય બની ચુકી છે ત્યારે વધુ એક વખત હવે આ શાળા વિવાદનું કેન્દ્ર બની છે. સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓને સ્માર્ટ બોર્ડ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે અને તે માટે દરેક વિદ્યાર્થી પાસે સેમેસ્ટર દીઠ ૬૭૫ રૂપિયા ફી લેવામાં આવે છે, પરંતુ વિદ્યાર્થીઓનું માનવું છે કે ફી ભર્યા છતાં પણ તેઓને સ્માર્ટ બોર્ડ દ્વારા અમુક કલાસમાં શિક્ષણ આપવામાં આવ્યું નથી. જેને લઈને વાલીઓએ આજ રોજ ફી પરત લેવા મુદ્દે હંગામો મચાવ્યો હતો. વાલીઓનો દાવો છે કે શાળા દ્વારા પહેલી જ જંગી ફી ઉઘરાવવામાં આવે છે. ત્યારબાદ અવનવી સુવિધાવોના નામે વાલીઓ પર આર્થિક બોજ નાખવામાં આવે છે. જો કે તે મુજબની સુવિધાઓ બાળકોને આપવામાં આવતી નથી, જેથી જો સુવિધાઓ ન આપી શકતા હોય તો આ ફી પરત આપવી જોઈએ. બીજી બાજુ શાળાનાં આચાર્યના જણાવ્યા મુજબ અમુક વાલીઓ દ્વારા જ આ પ્રકારની ફરીયાદ વારંવાર કરીને શાળાને બદનામ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સ્માર્ટ બોર્ડ અંગે તેઓએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે, ૮૦ ટકા વિદ્યાર્થીઓના અભિપ્રાય પછી જ આને લાગુ કરવામાં આવ્યું છે. જેથી તેને પરત ખેંચવાનો કે ફી પાછી આપવાનો તો સવાલ જ ઉત્પન્ન નથી થતો. ઉલ્લેખનીય છે કે હાલમાં ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ એચબી કાપડીયા મેમનગર શાળામાં અભ્યાસ કરે છે. આ શાળામાં થોડા મહિના અગાઉ ફી વધારાને લઈ વાલીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેના પગલે શાળાનાં સંચાલકોએ પોલીસ બોલાવીને વાલીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો.

## શરતોનો ભંગ કરતી શાળાની તપાસ કરવા બોર્ડનો આદેશ

અમદાવાદ, તા. ૨૪

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા મંજુરી આપવામાં આવતી નવી ખાનગી શાળાઓમાં એક એકરનાં મેદાનમાં નિયમનો ભંગ થતો હોવાની ફરીયાદો ઉઠી છે. આ અંગે વારંવાર રજુઆતના પગલે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જે શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. વારંવાર બદલાત પરિપત્રો અને સ્થાનિક તંત્રની ઉદાસીનતાના કારણે આવી તપાસ આગળ જઈને અટકી જાય છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દર વર્ષે રાજ્યનાં શિક્ષણ બોર્ડ દ્વારા અંદાજે ૧૦૦ કરતા વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને મંજુરી આપવામાં આવે છે. જો કે નવી મંજુરી સાથે શરૂ કરાતી શાળાઓમાંથી ૭૦ ટકા શાળાઓમાં રતમ-ગમતના મેદાનની કોઈ વ્યવસ્થા હોતી નથી, મંજુરી વખતે જે તે ગ્રાઉન્ડ કે ભાડાની જગ્યાઓવાળા મેદાન દર્શાવ્યા હોય પરંતુ ત્યારબાદ ખરેખર મેદાન વસાવામાં આવતું નથી. વળી, આવી બાંહેધરીઓ પણ આપ્યા પછી એ દિશા ઠોસ કામગીરી થઈ હોતી નથી. એટલું જ નહીં અમુક શાળાઓ પાસે તો પોતાનું બિલ્ડીંગ પણ ન હોવાથી ભાડાના મકાનમાં શાળાઓ ચલાવવામાં આવતી હોય છે. જે મુદ્દે સ્થાનિક લોકો દ્વારા શિક્ષણ બોર્ડમાં વારંવાર રજુઆત કરવામાં આવી હતી. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા દરેક જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર લખીને આવી શાળાઓ પાસે પોતાનાં મેદાન છે કે નહીં તેની તપાસ કરી રીપોર્ટ સબમીટ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ જે શાળાઓમાં રતમ-ગમતના મેદાન નથી તેમને શો-કોઝ નોટીસ ફટકારીને મેદાન નથી તે અંગે ખુલાસો માંગીને બાદમાં મેદાનની વ્યવસ્થા કરવા ફરજ પડાશે. હાલ શહેરની સેલ્ફ ફાયનાન્સ શાળાઓ છે તેના અહેવાલ મંગાવાયા છે અને મંજુરી વખતની શરતો ચકાસાઈ રહી છે. આ કામગીરી ચુંટણી પ્રક્રિયાઓ પુરી થયા બાદ વધુ વેગવંતી થઈ શકે. જો કે, મોટાભાગની શાળાઓમાં મેદાનની પુરતી સગવડતા નથી તે વાત સાચી છે.

# આજે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૩૭મો પ્રાગટ્ય દિવસ

**પ્રસંગસર**
સુમંતભાઈ મં. શાહ

સૃષ્ટિના સર્જનહાર 'એકમાંથી અનેક'ની રમણીય લીલા કરી માનવ સૃષ્ટિનું નિર્માણ કર્યું. વંશીય ધોરણે તેનું વિસ્તરણ થતું રહ્યું. શ્રી વલ્લભાચાર્યજીનું જે વંશમાં પ્રાગટ્ય થયું, તેમના પૂર્વજમાં શ્રી યજ્ઞનારાયણ ભટ્ટ સર્વોત્કૃષ્ટ હતા. તેઓએ જયારે તેમનો પ્રથમ સોમયજ્ઞ કર્યો ત્યારે પરમેશ્વરે તેમને જણાવ્યું કે તેમનાં વંશમાં એકસો સોમયજ્ઞ સંપન્ન થશે, ત્યારે હું પોતે તમારા વંશમાં પ્રગટ થઇશ. શ્રી યજ્ઞનારાયણે ૩૧ સોમયજ્ઞો કર્યા. બાદ તેમનાં વંશ પરંપરામાં શ્રી ગંગાધર ભટ્ટે ૨૭ સોમયજ્ઞ, શ્રી ગણતિ ભટ્ટે ૩૨ સોમયજ્ઞ, શ્રી બાલમ ભટ્ટે ૫ સોમયજ્ઞ કર્યા. છેલ્લે શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પાંચ સોમયજ્ઞ કર્યો તે સાથે એકસો સોમયજ્ઞ સંપન્ન થયા, ત્યારે વાસુદેવ સ્વરૂપ લક્ષ્મણ બટ્ટને ત્યાં શ્રી વલ્લભનું પાકટ્ય ચંપારણમાં થયું. આમ આ અવતારી અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભનાં સ્મરણ માત્ર ભક્ત-સેવક વૈષ્ણવના પાપોને ભસ્મિભૂત કરી તેમના તાપનું શમન કરે છે.

શ્રી મહાપ્રભુજીનાં સુંદર નયન, અવાજ અને બોધપ્રદ વાણી, સરળ આનંદરૂપ અનુપરૂપ અનુપસુંદર સ્વરૂપ સત્યમ, શિવમ્ સુંદરમ્ હોઇ તેમના ભક્તો તેને દયાનીધિ, કૃપાનીધિ અને કરૂણાસાગર જાણી તેમને અહર્નિશ પ્રેમ કરી અભિભૂત થાય છે. શ્રીનાથજી અને શ્રી વલ્લભાચાર્યજી સ્વામી અને સ્વામિનીજી સ્વરૂપ હોઇ ઇશ્વર પ્રાપ્તિ અને કૃપા માટે રાધા-કૃષ્ણ ભાવ, ગોપગોપી ભાવ ભક્ત વૈષ્ણવમાં સ્થાપિત થવો અપેક્ષિત માનવામાં આવે છે. આમ શ્રી વલ્લભ, શ્રી પ્રભુ અને શ્રી સ્મામિનીજી એમ બંનેનાં મુખારવિંદ સ્વરૂપ હોઇ તેઓ શ્રી વૃંદાવન ચંદ્રમુખિરૂપિ ને અગ્નિ અવતાર તરીકે પ્રસિદ્ધ થયા.

પરમભક્ત શ્રી સુરદાસજી એ શ્રીનાથજી અને શ્રી વલ્લભને અલગ નહિ પરંતુ એક જ માની શ્રી વલ્લભના ગુણગાન ગાયા છે, તે પદ ખૂબ જ પ્રચલિત છે.

● દૃઢ ઇન ચરનન કેરો ભરોસો
ભરોસો દૃઢ ઇન ચરનન કેરો.
શ્રી વલ્લભ નખચંદ્ર છટાબિન સબ જગમેં જુ અંધેરો.
સાધન ઔર નહિ યા
કલિમેં જાસો હોય નિવેરો.
સૂર કહા કહે દ્વિવિધ
આંધરો બીના મોલકો ચેરો.

પ્રથમ પંક્તિમાં તેર અક્ષરો દ્વારા અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રસિદ્ધિનું ફળ પ્રાપ્ત થાય. દ્વિતીય પંક્તિમાં ૨૧ અક્ષરોનું ગાન દસ પ્રકારના જીવની એકાદશ ઇન્દ્રિયોનો શ્રીનાથજીના સ્વરૂપ નિગ્રહનું દૃઢીકરણ થાય. ત્રીજી પંક્તિમાંના ૧૮ અક્ષરોના ઉચ્ચારણથી અઢાર પુરાણ, ભાગવતના અઢાર હજાર શ્લોક, ગીતાના અઢાર અધ્યાયનું ફળ પ્રાપ્ત થાય. છેલ્લી પંક્તિમાં શ્રી વલ્લભવંશ પરંપરાના ૧૯ ગુરૂ સ્વરૂપોમાં એકાદશ ઇન્દ્રિયો દ્વારા દૃઢ આસક્તિ સિદ્ધ થાય અને પરમેશ્વરની કૃપા સિદ્ધ થાય.

જગતગુરૂ શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોમાં પ્રથમ માનવે આત્મ નિવેદન કરી સમર્પણ - શરણાગતિનો ભાવ વ્યક્ત કરવાનો રહે છે. બીજો સિદ્ધાંત અષ્ટાક્ષર દિવ્યમંત્ર 'શ્રીકૃષ્ણ શરણં મમ' ના જાપ કરવા, શ્રીકૃષ્ણમાં દૃઢ આશ્રય રાખવો એ ત્રીજો સિદ્ધાંત. ચોથો સિદ્ધાંત ચીજવસ્તુ ઇશ્વરને અર્પણ કરી તેને યથાયોગ્ય રીતે, ઋતુને અનુરૂપ સાત્વિક અને શુદ્ધ આહાર-ભોજન-પ્રસાદ રૂપ માની ગ્રહણ કરવું. આમ માનવમાત્ર સમર્પણ સેવા-ભક્તિ દ્વારા હૃદયમાં કરૂણાસભર દૈન્ય ભાવ કેળવી ઇશ્વરની કૃપા પ્રાપ્ત થતાં ઇશ્વરનો સાનુભવ અને સાક્ષાતકાર કરી શકે છે, તે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું રહસ્ય છે. આ પુષ્ટિપંથની વિચારાધારા જે વૈદિક સિદ્ધાંતો, ભાગવત આદિ હિંદુ ધાર્મિક ગ્રંથોમાં નિહિત રહસ્યોનું દોહન કરી તેઓશ્રીએ તેમના ષોડ્સ ગ્રંથમાં પ્રતિપાદિત કરી વિશદ્ સ્પષ્ટથી નિહીત કરેલ છે. જનસમૂહના આધ્યાત્મિક ઉત્કર્ષ અને કલ્યાણના પુરસ્કર્તા આચાર્યશ્રી મહાપ્રભુજીને આ પ્રસંગે કોટિ કોટિ પ્રણામ.

### *શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી વિરચિત કૃષ્ણાશ્રય*

સર્વમાર્ગ નષ્ટ થયા લોકો ખલધર્મી કલિકાલે,
સૃષ્ટિ છળપ્રચુર તેથી, શ્રીકૃષ્ણ જ મારૂં છે શરણ.
આક્રાંત મલેચ્છોથી દેશમાં, ને ધામ થયું પાપોતણું,
વિશ્વ વ્યગ્ર સંતપીડનથી, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
ગંગા વગેરે તીર્થો તો, છોવાઇ ગયા દુષ્ટો થકી,
આદિ દૈવ તિરોહિત તેથી, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
સતપુરૂષો વિમુઢ અહંકારથી, થયા પાપાચરણ યુક્ત,
લાભપૂજાર્થે યત્નશીલ તેથી, શ્રીકૃષ્ણ જ મારૂં છે શરણ.
મંત્રો નષ્ટ તાત્પર્ય, વ્રત, નિયમ યોગ અભાવથી,
અર્થને દેવ તિરોહિત તેથી, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
વિભિન્ન મતોથી નષ્ટ, સર્વ કર્મ વ્રત ઇત્યાદિ થયાં,
પાખંડમાં જ પ્રયત્નશીલ તેથી, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
પ્રભુદોષનાશક છે તે અનુભવ, અજામિલ વગેરેએ કર્યો,
સર્વ માહાત્મય નિરૂપ્યું તે, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
સર્વ દેવો પ્રકૃતિવશ છે, આનંદયુક્ત છે અક્ષરબ્રહ્મ,
પૂર્ણાનંદ સર્વદુઃખહારીએ, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
વિવેકધર્મ ભક્તિ વગેરેથી, હું છું રહિત વિશેષતઃ,
પાપાસક્ત દિન હું છું, શ્રીકૃષ્ણ જ મારૂં શરણ.
સર્વત્ર સામર્થ્યયુક્ત ને, અર્થ સિદ્ધ કરનાર છે પ્રભુ,
શરણાગત હું શ્રીકૃષ્ણને, સુપેરે ઉદ્ધાર કરવા વિનવું.
કૃષ્ણાશ્રય સ્ત્રોત્રનો પાઠ, શ્રી કૃષ્ણ સન્મુખ જે કરે,
તેને શ્રીકૃષ્ણ આશ્રયરૂપ થશે, એમ શ્રી વલ્લભે કહ્યું.

### *● શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત ચતુઃશ્લોકી*

સર્વદા સર્વભાવથી ભજવાપાત્ર જ વ્રજપતિ,
એ જ સર્વનો સ્વધર્મ અન્ય ન કોઇ કાળે સ્થળે,
પ્રભુ સર્વ સમર્થ છે તે સદા સૌએ જાણવું,
કરશે પ્રસિદ્ધ સ્વકર્તવ્ય તે નિશ્ચિંતે માનવું,
જો સર્વાત્મભાવથી, રહે હૃદયે ગોકુલાધીશ,
લૌકિક-વૈદિક તુલનાને કહો બીજું શું અધિક?
તેથી સર્વદા સર્વાત્મથી, પ્રભુ ચરણકમળો તણું,
સ્મરણ ભજન ન તજવું, તે મંતવ્ય મારૂં જાણવું.

- સુમંતભાઇ મં. શાહ